ॐ SHREE SWAMINARAYAN TEMPLE - WILLESDEN ॐ

# GUJARATI SCHOOL

**STANDARD 2 - Worksheet – 18 July 2020**

**જય શ્રી સ્વામિનારાયણ**

Q1. નીચે આપેલી વાત વાંચીને સવાલોના જવાબ પૂરા વાક્યોમાં આપો.

## કીડી અને સિંહની મિત્રતા




એક જંગલમાં બે મિત્ર રહેતા હતા – એક સિંહ અને એક કીડી. બન્ને કદમાં અને શરીરમાં એકબીજાથી બિલકુલ જુદા જ હતા. તેમના વિચાર પણ જુદા હતા. તેમ છતા એ બન્ને ખૂબ સારા મિત્ર હતા. એક દિવસ વાત કરતી સમયે સિંહે કીડી ને કહ્યું “તું તો ખુબ જ નાનકડી છે. તુ કોઇને મદદ નથી કરી શક્તી. હું જંગલનો રાજા છું અને બળવાન છું તને ક્યારેય મારી જરૂર પડે તો મને બોલાવી લેજે.” સિંહનો ઘમંડ જોઇને કીડી મનમાં જ હસવા લાગી અને બોલી “ઠીક છે વનરાજ.”

એકવાર જંગલમાં એક મોટો હાથી આવ્યો. રાજા સિંહ સૌને બચાવવા માટે હાથી સાથે લડવા લાગ્યો, પણ હાથી તો મોટો હતો. તેને હરાવવાની કોઇનામાં હિંમત નહોતી. સિંહના વશમાં કશુ જ નહોતુ અને હાથીએ સિંહ ને હરાવી દીધો. પોતાના થાકેલા મિત્ર સિંહને જોઇને કીડીને બહુ ગુસ્સો આવ્યો. તેણે એક વિચાર કર્યો. કીડી હાથીની સુંઢમાં ઘુસીને મગજ સુધી પહોંચી ગઈ. કીડીએ હાથીના મગજની એક નસ કાપી નાખી. જેનાથી હાથી મુંજાઇ ને મરણ પામ્યો.

ત્યારબાદ સિંહે પોતાની મિત્ર કીડી પાસે આવીને પોતાના ઘમંડ માટે માફી માંગી અને બન્ને મિત્ર હસતા હસતા પોતાના રસ્તે ચાલ્યા ગયા.

આ વાત પરથી આપને શિખવા મલ્યું કે કોઇની સાથે અભિમાન કે ઘમંડ ન કરવું

© 2020 Shree Swaminarayan Temple, Willesden, Gujarati School

**અઘરા શબ્દો:**

| | | | |
|---|---|---|---|
| **કદ** | = size | **ઘમંડ** | = vanity, arrogance |
| **વનરાજ** | = king of the jungle | **સૂંઢ** | = elephant’s trunk |
| **નસ** | = nerve | **અભિમાન** | = pride |

Questions

૧) એક જંગલમાં કેટલા મિત્ર રહેતા હતા અને કોણ કોણ હતા?

૨) વાત કરતી સમયે સિંહે કીડી ને શું કહ્યું?

૩) સિંહનો ઘમંડ જોઇને કીડી શું કરવા લાગી અને શું બોલી?

૪) પોતાના થાકેલા મિત્ર સિંહને જોઇને કીડીને શું થયું?

૫) કીડીએ હાથીને કેવી રીતે હરાવ્યો અને હાથીનું શું થયું?

૬) આ વાત પરથી શું શિખવા મળ્યું?

© 2020 Shree Swaminarayan Temple, Willesden, Gujarati School

Q2. **નીચેના વાકયોને કૌંસમાં આપેલી સૂચના પ્રમાણે ફેરવી વાકયો ફરીથી લખો.**

૧ અમારા બા અને બાપા મંદિરે જશે (ભુતકાળમાં ફેરવો)

___

૨ હું દરરોજ નાહીને ભગવાન પાસે પ્રર્થના કરું છું (ભવિષ્યકાળમાં ફેરવો)

___

૩ મને લાડું બહુ જ ગમે. (નકારાતમક મા ફેરવો) (નકારાતમક ફેરવો = negative sentence)

___

૪ મારો નાનો ભાઇ ઘરકામ કરતો હતો. (વર્તમાનકાળ)

___

૫ હું અને મારા માતા પિતા ભારત ફરવા ગયા હતા. (ભવિષ્યકાળમાં ફેરવો)

___

૬ મારા ઘરમાં ઘણા ઝાડો છે. (એકવચનમાં ફેરવો)

___

૬ અમારા બા બહુજ સરસ વાનગી બનાવે છે. (બહુવચનમાં ફેરવો)

___

Q3. **નીચે આપેલા શબ્દોના અર્થ ગુજરાતીમાં લખો.** (Example: Book = પુસ્તક)

| | | | |
|---|---|---|---|
| ૧. ground | ___ | ૬. test | ___ |
| ૨. sports | ___ | ૭. letter | ___ |
| ૩. festival | ___ | ૮. lemon | ___ |
| ૪. material | ___ | ૯. okra | ___ |
| ૫. geography | ___ | ૧૦. chilli | ___ |

Q4. Write these numbers in word form in Gujarati (Example: ૯૭૮ = એકસો અઢાર)

| | | | |
|---|---|---|---|
| ૧. ૧૮ | ___ | ૪. ૮૧૯ | ___ |
| ૨. ૨૨ | ___ | ૫. ૩૪૯ | ___ |
| ૩. ૩૮ | ___ | ૬. ૭૪૦ | ___ |

© 2020 Shree Swaminarayan Temple, Willesden, Gujarati School